ગાંધીનગર સમાચાર

આર.ઓ. સીસ્ટમથી શુધ્ધ કરેલ પાણી ખરેખર કેટલું ફાયદાકારક છે?

# દેશાવર ગયેલા દિકરાના અકસ્માતના સમાચાર માતા જીરવી ન શકી...!

## સાઉથ આફ્રીકામાં થયેલા અકસ્માતમાં મામા-ભાણીયાનું કરુણ મૃત્યુ, ગાંધીનગરમાં રહેતા વાળંદ પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું : બંન્ને મૃતકની માતાઓની તબિયત સમાચાર મળતા અસ્વસ્થ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં વસતા અને દેશાવર ગયેલા મામા-ભાણીયાના માર્ગ અકસ્માતમાં સાઉથ આફ્રિકામાં મૃત્યુ થવા પામ્યા છે. કંપનીની કામે બાઈક લઈને જઈ રહેલા મામા - ભાણીયાને પાછળથી ટ્રકે ટક્કર મારતા ગતરોજ અકસ્માત સર્જાયો હતો. મામા-ભાણીયાના મૃત્યુના સમાચારની જાણ સેકટર-૩ ન્યુ ખાતે રહેતા વાળંદ પરિવારને થતા પરિવાર શોકમય બની જવા પામ્યું છે. જયારે વિદેશમાં રહેતા દિકરાઓના મૃત્યુના સમાચાર મળતા બંન્ને માતાઓની તબિયત અસ્વસ્થ થઈ ગઈ છે. જયારે દહેગામ-ગાંધીનગરના વાળંદ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

દહેગામ તાલુકાના સાંપા ગામના વતની અને ગાંધીનગર શહેરના સેકટર- ૩ એ ન્યું પ્લોટ નં- ૪૯-૨ ખાતે સ્વ.પૂંજીરામ વાળંદનો પરિવાર વસવાટ કરે છે. જેમાં પૂંજીરામના દિકરા કિરીટભાઈ પણ પરિવાર સાથે ગાંધીનગર રહેતા હતા.પરંતુ છેલ્લા અઢી વર્ષથી સાઉથ આફ્રિકાના ટ્રાન્ઝાનીયા (દારેસલામ) ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા અને પરિવાર સાથે રહેતા હતા. જયારે દહેગામ તાલુકાના જીંડવા ગામના વતની અને શહેરના સેકટર-૨૯માં વર્ષોથી રહેતા તેમના ભાણેજ વિશ્વજીત નગીનભાઈ વાળંદ સાઉથ આફ્રિકાના સીટીઝનશીપ ધરાવે છે. તાજેતરમાં જ કિરીટભાઈ તેમની ભાણીના લગ્ન હોવાથી મામેરા પ્રસંગે પરિવાર સાથે આઠ દિવસ રોકાઈને વિદેશ પરત ફર્યા હતા. જયારે વિશ્વજીત ૩ મહિના રોકાઈને પરત ટ્રાન્ઝેનીયા પરત ગયો હતો. ગઈકાલે સવાઅગીયાર વાગ્યાના સમુારે (ત્યાનાં સમય મુજબ) દારેસલામથી મામા અને ભાણીયો કંપની કામે મોરોગોમો બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે અચાનક પાછળથી આવી રહેલી ધસમસતી કાળમુખી ટ્રકે ટક્કર મારી





અકસ્માત સર્જયો હતો. જેમાં કિરીટભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.જયારે વિશ્વજીતને પણ ગંભીર ઈજા થઈ હોવાથી તાત્કાલીક હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. જયાં સારવાર બાદ તેનું પણ કરુણ મૃત્યું થયું હતું. દેશાવર ગયેલા દિકરાઓના મૃત્યુની જાણ તેઓની માતાને થતા પગ તળેથી જાણે ધરતી સરકી ગઈ.સાઉથ આફ્રિકામાં માર્ગ અકસ્માતમાં મામા-ભાણીયાના મૃત્યુના સમાચાર ગાંધીનગર શહેરમાં બંન્ને પરિવારમાં મળતા કિરીટભાઈના માતા કાંતાબેન અને વિશ્વજીતની માતા કલ્પના બેની તબિયત અસ્વસ્થ થઈ જતા તેમને પણ બંન્ને ખાનગી કલીનીકમાં સારવાર આપવામાં આવી હતી. કિરીટભાઈ અને વિશ્વજીતના મૃત્યુના સમાચાર પોલેન્ડ રહેતા તેમના ભાઈ જીગ્નેશભાઈ અને કિરીટભાઈના સાળા સંદીપભાઈ પણ લંડનથી અંતિમવિધી માટે સાઉથ આફ્રિકા જવા રવાના થયા છે. ગાંધીનગરના બંન્ને આશાસ્પદ યુવાનોના મૃત્યુના સમાચાર મળતા સેકટર- ૩ અને ૨૯ માં સહિત વાળંદ સમાજ ગાંધીનગરમાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. જયારે વિદેશમાં રહેતા ગુજરાતીઓ હરહંમેશ મદદ માટે તત્પર રહેતા હોય છે જયારે આ પરિવારને પણ સાઉથ આફ્રિકામાં રહેતા ગુજરાતી પરિવારો તરફથી મદદ મળી રહી છે. બંન્ને મૃતકોની અંતિમવિધી શનિવારના રોજ સાઉથ આફ્રિકા ખાતે કરવામાં આવશે જયારે સેકટર - ૩ એ ન્યું ગાંધીનગર ખાતે તા. ૧૮ ના રોજ બેસણું રાખવામાં આવેલ છે. કિરીટભાઈ અને વિશ્વજીતની માતા આજે પણ પોતાના દેશાવર ગયેલા દિકરાના અકસ્માતના સમાચાર જીરવી શકયા નથી...વાળંદ પરિવારમાં અત્યારે હાલ પણ પરિવારના સભ્યોની આંખમાંથી સતત અશ્રુઓની ધારા વહી રહી છે. ઉલ્લેખનીય છે કે વિશ્વજીતના પિતા નગીનકુમારનું પણ વર્ષો અગાઉ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયુ હતું. જયારે તેના કાકાનું પણ માર્ગ અકસ્માતમાં અને વિશ્વજીતનું પણ માર્ગ અકસ્માતમાં મૃત્યું થતા જિંડવા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## @ગાંધીનગર

● બેંક ઓફ ઈન્ડિયા ઓફીસર્સ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભા સે-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

● સેકટર-૨ડી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે રામ જન્મ ઉત્સવ અને ભજનનો કાર્યક્રમ યોજાશે. જેનો લાભ લેવા પ્રવિણભાઈ રાવલે જણાવ્યું છે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન ઉપાધ્યાયના કંઠે શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન સે-૪-બી, હનુમાનજીના મંદિર ખાતે આનંદનો ગરબો યોજાશે.

● કોકીલાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૦૮/૧ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૧ ખાતે રાત્રે ૮.૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● કોકીલાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૦૮/૧ વાસ્તુ નિર્માણ સોસાયટી, સે-૨૧ ખાતે રાત્રે ૮.૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● મીનાબેન સુતરીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭૨/૧ સે-૩-સી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રામનવમી નિમિત્તે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાંધેજા સુંદરધામ શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે.

● હંસાબાના નિવાસસ્થાન સેકટર-૨૬, ન્યુ ગ્રીનસીટી ખાતે ભારતી બાપુની વ્યાસપીઠે રાત્રે ૮ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે.

● સે-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે શુક્રવાના રોજ સવારે ૧૧ કલાકે ભગવાન શ્રી રામ નામની અખંડ ધુન થશે આ ઉપરાંત ૧૨ કલાકે જન્મ ઉત્સવ અને મહાઆરતી યોજાશે.

● શકિત મંડળ દ્વારા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન હંસાબેન પરીખના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૪૬/૨ સે-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૯ જલારામ ધામ ખાતે રામનવમી નિમિત્તે બપોરે ૧૨ કલાકે રકતદાન શિબિર યોજાશે.

● શ્રીમદ નારાયણ ફાઉન્ડેશન પેથાપુર દ્વારા સાંજે ૫.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન રામ નવમી નિમિત્તે શ્રી યાગ મહાયજ્ઞ અનુષ્ઠાન મહાલક્ષ્મીજીની વાડી, કંસારા ફળી પેથાપુર ખાતે યોજાશે.

# કડાદરામાં હત્યારાએ રૂ. ૧૦ માટે વૃદ્ધની હત્યા કરી હતી

## બીજા ઘાયલ થયેલા વૃદ્ધ કોમામાં

ગાંધીનગર, તા.૧૪

દહેગામના કડાદરા ગામે ગઈ કાલે એક શખ્સે એક વૃદ્ધની હત્યા અને બીજા વૃદ્ધની હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ આરોપીની દહેગામ પોલીસે ધરપકડ કરી પુછપરછ કરતા બહાર આવ્યું છે કે માથા ફરેલા આ શખ્સે રૂ. ૧૦ માટે વૃદ્ધની હત્યા કરી નાંખી હતી. પોલીસે હત્યારાની સઘન પુછપરછ શરુ કરી છે.

કડાદરા ગામમાં કરાયેલા વૃદ્ધની હત્યા પ્રકરણમાં પોલીસે જગા ઉદા ઠાકોર નામના માથા ફરેલા શખ્સની ધરપકડ કરી સઘન પુછપરછ કરતા બહાર આવ્યું છે કે જગા ઉદા ઠાકોર રાત્રે સાડા ત્રણ વાગ્યાના અરસામાં બાબુજી ફતાજી સોલંકી પાસે તેમના વાડામાં ગયો હતો અને રૂ. ૫૦ માંગ્યા હતા. અડધી રાત્રે પૈસાનું શું કામ છે? મારી પાસે નથી એમ કહીને વૃદ્ધે જગા ઠાકોરને પાછો તગેડયો હતો. ફરી થોડી વાર રહીને તે પાછો આવ્યો અને કહ્યું રૂ. ૫૦ના હોય તો રૂ. ૧૦ આપો..! બાબુજીએ રૂ.૧૦ પણ આપવાની ના પાડી દેતા માથામાં કોદાડી ફટકારીને જગાએ બાબુજીની હત્યા કરી નાંખી હતી. ત્યાર બાદ બીજા બે વૃદ્ધને માથે ખાટલાની ઈંસ મારી હતી તે વૃદ્ધ હજુ હોસ્પિટલમાં દાખલ છે અને કોમામાં હોવાનું જાણવા મળ્યું છે પોલીસે આરોપી જગાની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાાવત)

મહાચંડી કોટિયાગ - ઘ-માર્ગ પર ચેહરધામ ખાતે ચૈત્ર સુદ અષ્ટમીના મંગલ મુહૂર્તે મહાચંડી કોટિયાગ આરંભાયો... વગડાવાળી માતા તરીકે ઓળખાતા ચેહર માતાજીના મંદિરે ૧૨ વર્ષ બાદ પુનઃ સહસ્ત્રકોટિ યજ્ઞ આરંભાયો છે... ૨૨મી એપ્રીલ સુધી ૨૦૭ ભૂદેવો દ્વારા કોટિયાગમાં એક કરોડ આહુતિ અપાશે... નવ આકૃતિકુંડમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે આરંભાયેલા યજ્ઞ કાર્યના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં પધારે છે...

## વ્યસન મુકત થનારને અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા પગરખા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૪

નવસારી જિલ્લના વાસદા તાલુકાના સિંણઘઈ ગામમાં સાંઈ સેવા સમિતિના અધ્યક્ષ ભગવાનદાસ પટેલ દ્વારા વ્યસન મુકિત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સાથો સાથ અરૂણોદય સેવા ટ્રસ્ટના સહયોગથી પગરખા વિતરણના કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. જેમાં જે નાગરિકો વ્યસન મુકિતના શપથ ગ્રહણ કરશે. તેઓને વિના મૂલ્યે પગરખા વિતરણ કરાશે. ૭૫૦થી વધુ લાભાર્થીઓને આ કાર્યક્રમ અંતર્ગત લાભ મળશે તેમ અરુણોદય સેવા ટ્રસ્ટના અધ્યક્ષ અને શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે. ઉનાળાની ધોમધખતી ગરમીમાં જરૂરિયાતમંદોને પગરખાનું વિતરણ કરવાની ઉમદા કામગીરી બદલ શહેર વસાહત મંડળને ઈન્ડિયા બૂક ઓફ વર્લ્ડ રેકર્ડસમાં સ્થાન મળ્યું છે. પ્રતિ વર્ષ વીસેક હજાર જરૂરિયાતમંદોને પગ રક્ષણ પુરું પાડવામાં આવે છે. મેઘરજ તાલુકાના કાસાણા વિસ્તારમાં પણ નોંધપાત્ર કામ થઈ રહ્યું છે. આ વર્ષે પણ આ સેવાકીય કાર્યમાં યોગદાન આપવા અરૂણભાઈ બુચે જાહેર અપીલ કરી છે.

## કોબા ગામે આંબેડકર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક કોબા ગામે પ્રાથમિક શાળામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સ્પર્ધા અને કાર્યક્રમનું આયજન કરવામાં આવ્યું હતું.

જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને પ્રતિજ્ઞા વાંચન પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાન અને ડૉ. બાબા સાહેબ દેશ સેવા ગરીબી તથા શૈક્ષણિક ઉત્કર્ષ સામાજિક સમરસતા સમાનતા અંગે જીવન ઘડતર માટે આપેલા અમુલ્ય યોગદાનની પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરપંચ યોગેશભાઈ નાયી, ભૂપેન્દ્રભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, ધીરૂભાઈ વાઘેલા વગેરે મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## આગને કારણે નુકશાન પામેલી લેબમાં સમારકામ શરૂ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગતરાત્રીના રોજ લેબમાં શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. આગને તૈનાત સ્ટાફ દ્વારા બુઝાવી દીધી હતી. જોકે પાવડર એસ્ટીંગ ગ્યુઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેને પગલે લેબમાં સાધનો અને મશીનરી પર પાવડરનો થર જામી ગયો હતો. જોકે આજે સફાઈ દરમિયાન તમામ મશીન કાર્યરત થઈ ગયા છે. લેબમાં કોઈ મશીનરીને નુકશાન થવા પામ્યું નથી. લેબમાં સમારકામ શરુ કરવામાં આવતા લેબ અત્યારે હાલ પ્રાયોગીક ધોરણે રૂમ ન-૪૭માં શીફટ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ લેબોરેટરીમાં ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં અચાનક એસી પ્લાન્ટમાં શોર્ટ સર્કીટને કારણે આગ ભભુકી ઉઠી હતી. આગને લેબમાં હાજર કર્મીઓ તેમજ અન્ય લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. આગને હાજર સ્ટાફ કર્મીઓએ ભારે જહેમત બાદ કાબુમાં લઈ લીધી હતી. સિવિલની લેબને નુકશાનનો અંદાજ લગાવા માટે સિવિલ તંત્ર સતાધિશો લેબની મુલાકાત કરી હતી. પરંતુ લેબનો તમામ સામાન બહાર કાઢીને આજે સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના માર્ગો પરના સર્કલો ઉપરાંત હવે સેકટરોની અંદરના મુખ્ય જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ પ્રક્રિયા સ્માર્ટ સીટી અંતર્ગત ચાલી રહી છે. જેમાં સે-૭ના શોપીંગ સેન્ટર વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાડાયા છે.

● પેથાપુર ખાતે એક વાસણના વેપારીને ત્યાંથી એક વૃધ્ધા સહિત ચાર છારા મહિલાઓની ગેંગ વાસણ ખરીદવાને બહાને ચોરી કરતી ઝડપાઈ છે. દુકાનદારની શંકાએ ઝડપાયેલ આ મહિલા ગેંગની પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

● વાવોલમાં ચાલી રહેલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ વાવોલ પ્રિમિયર લીગની મોડી રાત્રિની મેચ દરમિયાન દારૂ પીધેલી હાલતમાં એક શખ્સ તેની કાર લઈને મેદાનની વચ્ચે ઘુસી આવ્યો હતો. આ કારણે મેદાન પર આયોજકો સાથે મોટી માથાકૂટ સર્જાતા છેવટે મેચ અધુરી મુલત્વી રાખવી પડી હતી.

● શહેરની શાળાઓમાં ડોનેશન ઉઘરાવવા બાબતે જાગેલા ઉહાપોહની સાથે સાથે નગરના વાલીઓમાં શાળાઓ દ્વારા વેકેશનના માસની ફી પણ ઉઘરાવાતી હોવાનો મુદ્દો પણ ચર્ચાનો વિષય બન્યો છે. આ સાથે સ્કૂલ વર્ધીના વાહનચાલકો પણ વેકેશનના મહિનાનું ભાડુ પણ વસૂલે છે તે અયોગ્ય હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે.

## મહર્ષિ અત્રિ તપોવન દ્વારા ૧૩મો વાર્ષિકોત્સવ ૨૦૧૬ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી સારસ્વત સાધના એજયુકેશન ચેરીટેબલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ પીપળજ ગાંધીનગર સંચાલિત મહર્ષિ અત્રિ તપોવન દ્વારા ૧૬મી એપ્રિલને શનિવારના રોજ ૧૩મા વાર્ષિકોત્સવ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૭ ટાઉનહોલ ખાતે બપોરે ૨.૦૦ કલાકે મહર્ષિ અત્રિ તપોવન વાર્ષિકોત્સવની ઉજવણી કરાશે. જેમાં પ્રતિભા સંપન્ન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સમગ્ર શાળા પરિવારને હાજર રહેવા મહર્ષિ અત્રિ તપોવન દ્વારા જણાવાયું છે.

# આર.ઓ. સીસ્ટમથી શુધ્ધ કરેલ પાણી ખરેખર કેટલું ફાયદાકારક ?

## આર.ઓ. સીસ્ટમ પાણીની અશુધ્ધિઓ સાથે જરૂરી મીનરલ્સને પણ દૂર કરી દે છે : મીનરલ્સની ઉણપથી અનેક પ્રકારની નબળાઈઓ અને તકલીફોના ભોગ બનવું પડે છે : પાણી ઉકાળીને જ પીવું તે એક માત્ર શ્રેષ્ઠ વિકલ્પ

ગાંધીનગર, તા.૧૪

શું આપ કેટલાક સમયથી શરીરમાં બેચેની, થાક, માનસિક તણાવ, આંખો નબળી પડવી કે મોઢામાં ચાંદા પડવા જેવી તકલીફોથી પરેશાન છો? શું આપ આપના ઘરમાં પીવાના શુધ્ધ પાણી માટે આર.ઓ. સીસ્ટમનો ઉપયોગ કરો છો? જો આ બંને પ્રશ્નોનો ઉત્તર મહદઅંશે 'હા' હોય તો આપે ચેતવાની જરૂર છે. પીવાનું શુધ્ધ પાણી મેળવવાની લ્હાયમાં આપણે કયાંક એવું પાણી તો નથી પી રહ્યાં ને જે ખરેખર આપણા શરીર માટે નુકસાનકારક હોય? આપણે જેને આર.ઓ. સીસ્ટમથી શુધ્ધ થયેલું પાણી માનીએ છીએ તે હકીકતમાં આપણા શરીર માટે જરૂરી અને ઉપયોગી તત્વોની જ ઉણપ ઉભી કરે તેવું તો નથી ને?

આઝાદીના આટલા વર્ષે પણ આપણે શુધ્ધ પાણીની મૂળભૂત જરૂરિયાતને હજુ પરિપૂર્ણ કરી શકયા નથી. અત્યારે પીવાના પાણીના મુખ્યત્વે બે સ્ત્રોત જાણી શકાય જેમાં પહેલો સ્ત્રોત આકાશમાંથી વરસતા વરસાદનું પાણી અને બીજું સંઘરાયેલું પાણી. આકાશમાંથી વરસેલ પાણીમાં કોઈ જ અશુધ્ધિઓ હોતી નથી તેથી તે સંપૂર્ણ શુધ્ધ પાણી કહી શકાય પરંતુ સંઘરાયેલ પાણીના અનેક સ્ત્રોત છે જેમ કે જમીનમાં સંઘરાયેલું, જમીન પર સંઘરાયેલું તથા માનવીય પધ્ધતિઓથી સંઘરાયેલું પાણી. પૌરાણિક સમયથી એક વાત સ્પષ્ટ બની છે કે વહેલું પાણી એ સંઘરાયેલા





પાણી કરતા ઘણું શુધ્ધ હોય છે અને આપણી એ કમનસીબી છે કે આપણે વહેતા પાણીથી વિમુખ થઈ રહ્યા છીએ અથવા તો વહેતા પાણીના સ્ત્રોતોનો ઝડપભેર નાશ થઈ રહ્યો છે. નદીઓ સૂકાઈ ગઈ છે અને મોટા ભાગના નાગરિકો જમીનમાંથી બોર દ્વારા ખેંચીને કાઢવામાં આવતા પાણીને પીને જીવી રહ્યાં છે.

સંઘરાયેલા પાણીમાં જરૂરી તત્વોની સાથે અનેક પ્રકારની અશુધ્ધિઓ પણ સામેલ હોય છે. જેમાં મુખ્યત્વે પાણીમાં ઓગાળેલી ખારાશની અશુધ્ધિઓ હોય છે. આ અશુધ્ધિઓમાં સીસુ, આર્સેનિક, એન્ટિમોની, એલ્યુમિનિયમ તથા બેરિયમ જેવા તત્વોની વધુ પડતી હાજરીનો સમાવેશ થાય છે. આ અશુધ્ધિઓને દૂર કરવા માટે આર.ઓ. સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં વિવિધ પધ્ધતિઓનો સમાવેશ થાય છે. આ પધ્ધતિઓમાં ડિસ્ટીલેશન, ડીઆયોનાઈઝેશન, મેમ્બ્રાન ફિલ્ટરેશન અને ઈલેકટ્રોડાયાલીસીસનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયાને કારણે પાણીની અશુધ્ધિઓ તો દૂર થાય છે પરંતુ સાથે સાથે તમામ પ્રકારના મિનરલ્સ પણ દૂર થઈ જાય છે. આપણા શરીર માટે બેઝીક કાર્બોહાઈડ્રેડ, પ્રોટીન અને ફેટ જેવા મૂળભૂત તત્વોની જરૂર હોય છે જે આપણને ખોરાકમાંથી મળે છે પરંતુ તે સિવાયના કેટલાક તત્વો જેમ કે વીટામીન્સ માટે આપણે ફળો, દૂધની પેદાશો, શાકભાજી અને મીનરલ્સ માટે પાણી પર આધાર રાખવો પડે છે. પાણીની શુધ્ધતા એ અગાઉ કહ્યું તેમ તેમાં ઓગળાયેલ ખારાશના આધારે મપાય છે જે વધુમાં વધુ ૫૦ ડેસિબલ હોવી જોઈએ પરંતુ જમીનમાંથી મળતા પાણીમાં તે ૪૫૦-૫૦૦ ડેસિબલ કે કયારેક તેથી પણ વધુ હોય છે જે શરીર માટે ખાસ કરીને હાડકા માટે નુકશાનકારક છે. આ અશુધ્ધિ દૂર કરવા માટે આર.ઓ.નો ઉપયોગ થાય છે પરંતુ આર.ઓ. અશુધ્ધિઓ સાથે સાથે પાણી માંહેના જરૂરી મીનરલ્સ ને પણ દૂર કરી દે છે જેથી તેની ઉણપ ઉભી થાય છે. મીનરલ્સની ઉણપના કારણે હૃદયને લગતા રોગો, નાના બાળકોને કેલ્શિયમની ઉણપ, ગર્ભવતી મહિલાને પ્રિમેચ્યોર ડિલીવરીનું જોખમ, જ્ઞાનતંતુની તકલીફો, આંખોમાં તકલીફ, મોઢામાં ચાંદા પડવા, શરીરની રોગ પ્રતિકારક શકિત ઘટી જવી તેવી તકલીફો વધવા લાગે છે.

આર.ઓ. સીસ્ટમ પાણીમાં રહેલી અશુધ્ધિઓને દૂર કરે છે પરંતુ સાથો સાથ સારા તત્વો જેવા કે મીનરલ્સને પણ દૂર કરી દે છે. આ મીનરલ્સમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ અને પોટેશ્યિમનો સમાવેશ થાય છે. જે શરીર માટે ખૂબ જ જરૂરી હોય છે. જો આર.ઓ.નું પાણી વાપરતા હોવ તો સાથે રી-મિનરાલાઈઝ કરી તેને ઉપયોગ લેવામાં આવે તો તે યોગ્ય ગણાય. હાલ વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ બાબતે માપદંડો તૈયાર કર્યા છે જેને અનુરૂપ અમેરિકામાં રી-મિનરાલાઈઝેશન અમલમાં મુકાઈ રહ્યુ છે. આપણા માટે સૌથી યોગ્ય વિકલ્પ પાણીને ઉકાળીને પીવાનો છે જેનાથી અશુધ્ધિઓ તો દૂર થાય છે પરંતુ જરૂરી મીનરલ્સ જળવાઈ રહે છે.

ડૉ. અનિલ ચૌહાણ

પ્રેસિડેન્ટ, ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, ગાંધીનગર

આર.ઓ. સીસ્ટમમાં પાણીનું વિવિધ સ્તરે મેમ્બ્રાન ફિલ્ટરેશન થાય છે. જેમાં આર્યન, મેગ્નેશિયમ, સોડિયમ તથા કેલ્શિયમ જેવા તત્વો પાણીના અણુઓ કરતા મોટા હોવાથી ગળાઈ જાય છે તેથી શરીરમાં તેની ઉણપ સર્જાય છે. આ તત્ત્વોની ઉણપથી માનસિક તકલીફો જેવી કે તણાવ, ટેન્શન વગેરે તેમજ સાંધાના દુઃખાવા, કમરની નસ દબાઈ જવી, આંખોની તકલીફ ઉભી થવા ઉપરાંત રોગ પ્રતિકારક શકિત નબળી પડવાથી અન્ય રોગોને પ્રવેશવાનું દ્વાર મળી રહે છે. પાણી પીવા તથા રાંધવા માટે ઉકાળીને જ વાપરવું અથવા રાત્રે તાંબાના પાત્રમાં ભરીને રાખેલ પાણી પીવું તે શ્રેષ્ઠ વિકલ્પ છે.

- ડૉ. હાર્દિક તલાટી

યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ, સે-૭, ગાંધીનગર

## આજે એસ.ટી. ડેપોમાં રામનવમી નિમિત્તે નવચંડી યજ્ઞ યોજાશે

એસ.ટી. ડેપો તથા સમસ્ત કર્મચારીઓના સંયુકત ઉપક્રમે તા. ૧૫મી એપ્રિલ ને શુક્રવારના રોજ અવિરત પંદરમા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે સવારે ૯.૦૦ કલાકે યજ્ઞનો પ્રારંભ કરાશે. સાંજે ૪.૩૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે તેમજ સાંજે ૬.૦૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. રાંદેસણ ધોળેશ્વર મહાદેવના ૧૦૦૮ મહંત પરમપૂજય રામસ્વરૂપપુરી મહારાજ આર્શીવચન પાઠવશે. આ પ્રસંગે અમદાવાદના વિભાગીય નિયામક જે.એન. પટેલ, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના બોર્ડ મેમ્બર ભગવાનદાસ પંચાલ તેમજ નિગમના મહાનુભાવો હાજર રહેશે.



જિલ્લા શિક્ષણ સમિતિ, ગાંધીનગર સંચાલિત સોજા પ્રાથમિક કન્યા શાળા, તા. કલોલ ખાતે ડૉ. આંબેડકરની જન્મજયંતિની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગામમાં રેલી તથા શાળા પ્રાંગણમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આમુખ અને સોગંદનું વાચન કરવામાં આવ્યું હતું. આચાર્યએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું અને ડૉ. બાબાસાહેબના આંબેડકરના જીવન કવન અંગે સૌને માહિતી આપી હતી.

## ચિરવિદાય

● સ્વ. સોલંકી જીવતબેન બબાજી, ઉ.વ. ૬૦